પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 16-06-2025 **EVENING: 7.50 TO 8.00**
Day : MONDAY **National News**

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

****

1) ગુજરાતના ભૂતપુર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ વિજય રૂપાણીની રાજકોટમાં અંતિમયાત્રા નીકળી.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ભારત-સાયપ્રસ ભાગીદારીનાં મૂળમાં સહિયારા લોકશાહી મૂલ્યો અને કાયદાનું શાસન છે.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે ભારત આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં વૈશ્વિક નેતા બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

4) ઈઝરાયેલ સાથે વધી રહેલા સંઘર્ષ વચ્ચે પરમાણુ અપ્રસાર સંધિમાંથી બહાર નીકળવાની ઇરાનની યોજના.

5) આવતીકાલે સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારેથી અતિભારે વરસાદની અને આગામી બેથી ત્રણ દિવસ રાજ્યમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી.

.....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

VIJAY RUPANI

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ગુજરાતના ભૂતપુર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ વિજય રૂપાણીના અંતિમસંસ્કાર રાજકોટમાં કરવામાં આવશે. આજે અમદાવાદથી સ્વર્ગસ્થ રૂપાણીનાં પાર્થિવ શરીરને રાજકોટ ખાતે તેમના નિવાસસ્થાને લવાયા બાદ સંપૂર્ણ રાજકીય સન્માન સાથે તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે તેમને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ટોચના નેતાઓ અને શહેરના નાગરિકો સ્વર્ગસ્થ રૂપાણીને અંતિમ વિદાય આપવા માટે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા છે.

DNA SAMPLE

અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના અત્યાર સુધી 119 DNA નમૂના મેચ થયા છે. જ્યારે 76 પાર્થિવ દેહ સ્વજનોને સોંપાયા છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું કે DNA નમૂના મેચિંગની પ્રક્રિયા ઝડપી બની રહી છે અને એક કે બે દિવસમાં પૂર્ણ થઈ શકે છે.

Plane crash committee meeting delhi

અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસ માટે સરકાર દ્વારા તૈયાર કરાયેલી ઉચ્ચ સ્તરની સમિતિની પહેલી બેઠક આજે નવી દિલ્હીમાં યોજાઈ. કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહનનાં અધ્યક્ષપદ હેઠળની આ સમિતિ ત્રણ મહિનામાં અહેવાલ સોંપશે.

બેઠકમાં ભવિષ્યમાં આવી દુર્ઘટનાને રોકવા યોગ્ય સંચાલન પ્રક્રિયા નક્કી કરવા અંગે પણ વિચાર-વિમર્શ કરવામાં આવ્યો. વિમાન દુર્ઘટના તપાસ સંસ્થા પણ આ દુર્ઘટનાની અલગ તપાસ કરી રહ્યું છે. આ તપાસમાં દુર્ઘટનાના ટેક્નિકલ પાસાને ધ્યાનમાં લેવામાં આવી રહ્યા છે.

CYPRUS - PM TALKS-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત-સાયપ્રસ ભાગીદારીને સહિયારા લોકશાહી મૂલ્યો અને કાયદાના શાસનમાં મજબૂત રીતે મૂળ ધરાવતી હોવાનું વર્ણવ્યું છે. તેમણે કહ્યું હતું કે, બંને દેશો વચ્ચેની મિત્રતા સંજોગો અથવા સરહદો દ્વારા મર્યાદિત નથી, પણ તે સમયની કસોટી પર ટકી રહી છે. શ્રી મોદીએ આજે નિકોસિયામાં રાષ્ટ્રપતિ મહેલમાં સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો બાદ પત્રકારોને સંબોધન કરતી વખતે આ વાત કરી હતી.

તેમણે જણાવ્યું કે બંને દેશો વચ્ચે આગામી પાંચ વર્ષમાં ભાગીદારીના ભવિષ્યને આકાર આપવા માટે એક રોડમેપ બનાવવામાં આવશે.

(BYTE PM VIKSIT BHARAT)

પ્રધાનમંત્રીએ પશ્ચિમ એશિયા અને યુરોપમાં ચાલી રહેલા સંઘર્ષો પર પણ સહિયારી ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ સંઘર્ષની અસર આ બે પ્રદેશોથી પણ ઘણી આગળ સુધી ફેલાયેલી છે.

(BYTE PM WEST ASIA)

બંને પક્ષો આ ક્ષેત્રમાં શાંતિ અને સમૃદ્ધિને આગળ વધારવા માટે ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોરના મહત્વ પર સંમત થયા હતા.

પ્રધાનમંત્રીએ સરહદ પારના આતંકવાદ સામેની ભારતની લડાઈમાં સાયપ્રસનો આભાર માન્યો હતો.

(BYTE PM ON TERRORISM)

CYPRUS - PM TALKS-2

પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો દરમિયાન, બંને નેતાઓએ ભારત-સાયપ્રસ સંબંધોના સંપૂર્ણ વિસ્તારને આવરી લેતી વ્યાપક ચર્ચાઓ કરી હતી. તેમણે સંરક્ષણ, સુરક્ષા, ટેકનોલોજી, આરોગ્ય સંભાળ, પુનઃપ્રાપ્ય ઊર્જા અને આબોહવા ન્યાયના ક્ષેત્રોમાં સહકાર અંગે ચર્ચા કરી હતી.

અગાઉ, શ્રી મોદીએ રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સ સાથે રૂબરૂ મુલાકાત કરી હતી. આ દરમિયાન સાયપ્રસના રાષ્ટ્રપતિએ તેમને સાયપ્રસ પ્રજાસત્તાકના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ માકારિયોસ III 'એનાયત કર્યો હતો. આ અંગે આભાર વ્યક્ત કરતાં શ્રી મોદીએ કહ્યું હતું કે, આ ભારતના 1.4 અબજ લોકો માટે સન્માનની વાત છે.

સાયપ્રસની સફળ મુલાકાત બાદ શ્રી મોદી કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નીના આમંત્રણ પર G7 સમિટમાં ભાગ લેવા માટે કેનેડા જવા રવાના થયા હતા. G7 સમિટ પછી, પ્રધાનમંત્રી મોદી ક્રોએશિયાની મુલાકાતે જશે.

HM-CONFERENCE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે ભારત આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં વૈશ્વિક નેતા બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આજે નવી દિલ્હીમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના રાહત કમિશનરો અને આપત્તિ પ્રતિભાવ દળની વાર્ષિક પરિષદને સંબોધતા શ્રી શાહે જણાવ્યું હતું કે, ભારતે પૂર્વ ચેતવણી પ્રણાલીઓના વિકાસમાં નોંધપાત્ર સફળતા મેળવી છે.

તેમણે જણાવ્યું હતું કે, સચોટ આગાહી અને વહેલી ચેતવણીઓ આપીને, સમાજને જાગૃત કરવામાં આવ્યો છે તથા રાહત અને બચાવ કામગીરીમાં સફળતાપૂર્વક જોડવામાં આવ્યો છે. મંત્રીએ કહ્યું કે, જ્યારે પણ ભારતની આપત્તિ પ્રતિક્રિયાનો ઇતિહાસ લખવામાં આવશે, ત્યારે મોદી સરકારના આ દસ વર્ષ પરિવર્તનકારી દાયકા તરીકે નોંધવામાં આવશે.

(Byte Amit Shah Disaster response)

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

CENSUS NOTIFICATION

કેન્દ્ર સરકારે આજે વસતિ ગણતરી માટે એક જાહેરનામું બહાર પાડ્યું છે, જેની પ્રક્રિયા માર્ચ 2027થી શરૂ થશે. ગૃહ મંત્રાલયે બહાર પાડેલા જાહેરનામા અનુસાર, લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશો, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ રાજ્યોના બરફથી પ્રભાવિત વિસ્તારો સિવાય, વસતિ ગણતરી માટે તારીખ 1 માર્ચ, 2027 રહેશે. બરફથી પ્રભાવિત વિસ્તારોની વસતિ ગણતરી માટે સંદર્ભ તારીખ 1 ઓક્ટોબર, 2026 નક્કી કરવામાં આવી છે.

આ ગણતરીમાં પ્રથમવાર જાતિગત વસતિ ગણતરી પણ હાથ ધરાશે. આ કાર્યમાં 34 લાખ ગણતરીકારો અને સુપરવાઇઝર અને લગભગ એક લાખ 30 હજાર કાર્યકરો સામેલ થશે, જેઓ અત્યાધુનિક મોબાઇલ ડિજિટલ ઉપકરણોનો ઉપયોગ કરશે. વસતિ ગણતરી બે તબક્કામાં હાથ ધરાશે. પ્રથમ તબક્કામાં હાઉસ લિસ્ટિંગ ઓપરેશન કે જેમાં દરેક ઘરની રહેણાંક સ્થિતિ, મિલકતો અને સુવિધાઓ વિશે માહિતી એકત્રિત કરાશે. બીજા તબક્કામાં વસતિ ગણતરી કે જેમાં દરેક વ્યક્તિની વસતિ વિષયક, સામાજિક-આર્થિક, સાંસ્કૃતિક અને અન્ય માહિતી એકત્રિત કરાશે.

IRAN-NUCLEAR TREATY

ઈઝરાયેલ સાથે વધી રહેલા સંઘર્ષ વચ્ચે ઈરાન પરમાણુ અપ્રસાર સંધિમાંથી બહાર નીકળવાની યોજના બનાવી રહ્યું છે. રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશકિયાને કહ્યું કે ઈરાનની સંસદ પરમાણુ સંધિ છોડવા માટે કાયદાનો મુસદ્દો તૈયાર કરી રહી છે. રાષ્ટ્રપતિએ તેહરાનના વલણનો પુનરોચ્ચાર કરતા કહ્યું કે પરમાણુ શસ્ત્રો વિકસાવવાની તેની કોઈ યોજના નથી અને ઈરાનની પરમાણુ પ્રવૃત્તિઓ શાંતિપૂર્ણ ઊર્જા અને સંશોધન પર કેન્દ્રિત છે, જે રાષ્ટ્રનાં સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનીના સામૂહિક વિનાશના શસ્ત્રો સામે લાંબા સમયથી ચાલતા ધાર્મિક આદેશ સાથે સુસંગત છે.

પરમાણુ અપ્રસાર સંધિએ પરમાણુ શસ્ત્રોના ફેલાવાને રોકવા, પરમાણુ ઉર્જાના શાંતિપૂર્ણ ઉપયોગને પ્રોત્સાહન આપવા અને પરમાણુ નિઃશસ્ત્રીકરણની સુવિધા માટે એક સીમાચિહ્નરૂપ આંતરરાષ્ટ્રીય સંધિ છે.

સંધિમાંથી ઈરાન નીકળશે તો મધ્ય પૂર્વમાં પરમાણુ હથિયારોની સ્પર્ધાના વૈશ્વિક ભયને વધુ મજબૂત બને.

દરમિયાન, ઈરાને આજે ઇઝરાયલની જાસુસી સંસ્થા મોસાદ માટે જાસૂસી કરવા બદલ દોષિત ઇસ્માઇલ ફેકરીને ભગવાન સામે યુદ્ધ છેડવા સહિતના આરોપોમાં ફાંસી આપી હતી. છેલ્લા ચાર દિવસમાં આ સંઘર્ષમાં ઈરાનમાં ઓછામાં ઓછા 224 અને ઇઝરાયેલમાં 24 લોકોના મોત થયા છે.

EVE. IMD-WEATHER

હવામાન વિભાગે આવતીકાલે સૌરાષ્ટ્ર અને કચ્છના છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. સમગ્ર ગુજરાત, અરુણાચલ પ્રદેશ, છત્તીસગઢ, દરિયાકાંઠાના કર્ણાટક, ગંગાના કાંઠાના પશ્ચિમ બંગાળ, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ઓડિશા અને પૂર્વોત્તર રાજ્યોમાં પણ આગામી બે-ત્રણ દિવસ દરમિયાન ભારે વરસાદ થવાની સંભાવના છે.

હવામાન વિભાગે આવતીકાલે બિહાર, ઝારખંડ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં કેટલાક સ્થળોએ ગાજવીજ અને તોફાની પવનની આગાહી કરી છે. દિલ્હી-એનસીઆરમાં પણ આ મહિનાની 20મી તારીખ સુધી ગાજવીજ, વીજળી અને તોફાની પવન સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

Sensex, Nifty rise

ઇઝરાયેલ-ઇરાન વચ્ચે વધતી તંગદિલી છતાં રોકાણકારોએ લાંબા ગાળાનાં મૂડીપાયા પર ધ્યાન કેન્દ્રીત કરતાં ભારતીય શેરબજારમાં આજે ઉછાળો નોંધાયો હતો. સેન્સેક્સ અને નિફ્ટીમાં આશરે એક ટકાનો વધારો નોંધાયો હતો. સેન્સેક્સ 677 પોઇન્ટ વધીને 81 હજાર 796 અને નિફ્ટી 228 પોઇન્ટ વધીને 24 હજાર 946 પોઇન્ટ પર બંધ રહ્યો હતો. નિફ્ટી મિડકેપ 100, નિફ્ટી સ્મોલકેપ 100 પણ એક ટકા વધ્યા હતા.

તમામ ક્ષેત્રીય સૂચકાંકો વધીને બંધ રહ્યા હતા. નિફ્ટી આઇટી ઇન્ડેક્સ 1.57 ટકા, રિયલ્ટી 1.32 ટકા, ઓઇલ એન્ડ ગેસ 1.11 ટકા વધ્યા હતા.

WPI- MAY DATA

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતનો જથ્થાબંધ ભાવાંક (WPI) આધારિત ફુગાવો મે મહિનામાં 0.39 ટકાની 14 મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો હતો, જે એપ્રિલાં 0.85 ટકા હતો. ખાદ્યાન્ન ફુગાવો 2.55 ટકાથી ઘટીને 1.72 ટકા અને પ્રાથમિક ચીજવસ્તુઓનો ફુગાવો 2.02 ટકા નોંધાયો હતો. ઇંધણ અને ઊર્જા ક્ષેત્રનો ફુગાવો ઘટીને 2.27 ટકા અને ઉત્પાદિત ચીજોનો ફુગાવો 2.04 ટકા નોંધાયો હતો.

WPIમાં જથ્થાબંધ ભાવમાં ફેરફારને ધ્યાનમાં લેવાય છે, જ્યારે સીપીઆઇમાં ગ્રાહક દ્વારા ચૂકવવામાં આવતા ભાવનાં તફાવતને ધ્યાનમાં લેવાય છે.

EPFO

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) એ તેનાં સભ્યોને અનધિકૃત એજન્ટનો સંપર્ક કરવાનું ટાળવા અને નિ:શુલ્ક તેમજ સુરક્ષિત ઓનલાઈન સેવાઓ માટે સત્તાવાર EPFO પોર્ટલનો ઉપયોગ કરવા વિનંતી કરી છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે જણાવ્યું હતું કે, EPFO એ તેની સેવાઓને તેના તમામ વપરાશકર્તાઓ માટે ઝડપી ,પારદર્શક અને ઉપયોગકર્તાને અનુકૂળ બનાવવા માટે શ્રેણીબદ્ધ સુધારાઓ કર્યા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, EPFO પાસે એક મજબૂત ફરિયાદ દેખરેખ અને નિવારણ પ્રણાલી છે. વર્ષ 2024-25 માં EPFO ફરિયાદ વ્યવસ્થાપન પ્રણાલીમાં કુલ 16 લાખથી વધુ ફરિયાદો અને કેન્દ્રીયકૃત જાહેર ફરિયાદ નિવારણ અને દેખરેખ પ્રણાલીમાં એક લાખ 74 હજારથી વધુ ફરિયાદો પ્રાપ્ત થઈ હતી. જેમાંથી 98 ટકા ફરિયાદોનું સમયમર્યાદામાં નિવારણ કરવામાં આવ્યું હતું.